# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામ આજે મુંબઈના પ્રવાસે.

2) બિહારમાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના મંત્રીમંડળનું આજે વિસ્તરણ કરાશે.

3) કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, સરકાર ખેડૂતો અને નિકાસકારોની સમસ્યાઓ ઉકેલવા પ્રતિબદ્ધ.

4) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા નવી દિલ્હીથી શ્રમિકો માટે રાષ્ટ્રવ્યાપી વાર્ષિક આરોગ્ય તપાસ પહેલ શરૂ કરાવશે.

5) પહલગામ આતંકી હુમલાના જવાબમાં ભારતીય સેનાની કાર્યવાહી “ઓપરેશન સિંદૂર” ને એક વર્ષ પૂર્ણ

6) IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને 33 રને હરાવ્યું

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VIETNAM PREZ - MUMBAI VISIT

વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામ આજે મહારાષ્ટ્રના મુંબઈની મુલાકાત લેશે. તેઓ નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે એક કાર્યક્રમ ઉપસ્થિત રહેશે. તેઓ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે પણ મુલાકાત કરશે.

સાંભળીએ અમારાં સંવાદદાતાનો અહેવાલ..

VC- SANGEETA-GODBOLE

# PRESIDENT-VIETNAM-PREZ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિએ તેમના સન્માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કર્યું હતું. તેમણે જણાવ્યું કે ભારત અને વિયેતનામની વિસ્તૃત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી બંને દેશો વચ્ચે સહયોગને નવી ગતિ અને આ ક્ષેત્રમાં શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપશે.

સુશ્રી મુર્મુએ કહ્યું, ભારત-વિયેતનામ સંબંધો ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સભ્યતા સંબંધો પર આધારિત છે. રાષ્ટ્રપતિએ આ મુલાકાત દરમિયાન કરાયેલ દુર્લભ ખનીજ, ડિજિટલ અને નાણાકીય ટેકનોલોજી, સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રોના કરારો અને જાહેરાતો અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

તેમણે નોંધ્યું કે વિયેતનામ ભારતની 'એક્ટ ઇસ્ટ' નીતિ અને હિન્દ - પ્રશાંત દ્રષ્ટિકોણ અંતર્ગત એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.

# BIHAR-CABINET EXPANSION

બિહારમાં આજે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળના રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરાશે. પટનાના ગાંધી મેદાનમાં બપોરે 12 વાગીને 10 મિનિટે યોજાનારા શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત NDAના અનેક વરિષ્ઠ નેતાઓ હાજરી આપશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, ભાજપના 15 અને જનતા દળ - JD(U) ના 14 ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લે તેવી શક્યતા છે. જ્યારે લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ જુથ)ના બે અને હિન્દુસ્તાની અવમ મોરચા અને રાષ્ટ્રીય લોક મોરચાના એક-એક ધારાસભ્યનો મંત્રીમંડળમાં સમાવેશ થઇ શકે છે.

# SHIVRAJ - FARMERS

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, સરકાર ખેડૂતો અને નિકાસકારોની સમસ્યાઓ, તાત્કાલિક પગલાં અને અન્ય વૈજ્ઞાનિક સંશોધન દ્વારા ઉકેલવા પ્રતિબદ્ધ છે.

લખનૌમાં ફળ નિકાસકારો અને અન્ય હિસ્સેદારો સાથે સંવાદ કરતાં તેમણે આ મુજબ જણાવ્યું.

(BYTE - શિવરાજ સિંહ ચૌહાણ)

કેન્દ્રીય મંત્રી આજે લખનૌના રહેમાન ખેરા સ્થિત સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સબટ્રોપિકલ હોર્ટિકલ્ચરમાં ફ્રૂટ હોરાઇઝન 2026 ના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરશે.

આ સત્રમાં ગુણવત્તા સુધારણા, નિકાસ, મૂલ્યવર્ધન અને ફળ ક્ષેત્રને મજબૂત બનાવવામાં ખેડૂત ઉત્પાદક સંગઠન - FPO, FPC અને સ્વ-સહાય જુથ - SHG ની ભૂમિકા પર ચર્ચા થશે.

# MANDAVIYA - ESIC HEALTH INITIATIVE

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીમાં કર્મચારી રાજ્ય વીમા નિગમ – ESIC મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતેથી 40 વર્ષ અને તેથી વધુ વયના શ્રમિકો માટે રાષ્ટ્રવ્યાપી વાર્ષિક આરોગ્ય તપાસ પહેલ શરૂ કરશે. આ પહેલ ચાર નવા શ્રમ સંહિતા કાયદા દ્વારા રજૂ કરાયેલા પરિવર્તનકારી સુધારાઓ સાથે જોડાયેલી છે.

જે અંતર્ગત રસાયણો, ઝેરી પદાર્થો કે ભારે મશીનરી સંભાળવા સહિત જોખમીમાં રોકાયેલા શ્રમિકો માટે, તબીબી તપાસ ફરજિયાત કરવામાં આવી છે. આ રાષ્ટ્રવ્યાપી પહેલ વ્યાવસાયિક આરોગ્ય પ્રણાલીને મજબૂત બનાવવા, ભારતના કાર્યબળ માટે વ્યાપક આરોગ્યસંભાળ સુલભતા સુનિશ્ચિત કરવા અને વિકાસ ભારત 2047 ના દ્રષ્ટિકોણને આગળ વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## OPERATION SINDOOR

**ગયા વર્ષે પહલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાનની ઓપરેશન સિંદુર હેઠળ જડબાતોડ જવાબ આપ્યો હતો. આ ઓપરેશન સિંદૂરને એક વર્ષ પૂર્ણ થયું છે. ભારતીય સેનાએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણા પર હવાઈ હુમલા કરી 100 જેટલા આતંકવાદીઓને ઠાર કર્યા હતા.**

VC- રિદ્ધિ ઊંધાડ

*(ઓપરેશન સિંદૂરએ ભારતની સૈન્ય અને વ્યૂહાત્મક શક્તિનું પ્રદર્શન હતું. આ બહુ-પરિમાણીય અભિયાને આતંકવાદીને અસરકારક રીતે નિષ્ક્રિય કર્યા, પાકિસ્તાની આક્રમણને અટકાવ્યું અને આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય-સહિષ્ણુતા નીતિને મજબૂતીથી લાગુ કરી.*

*ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતીય સશસ્ત્ર દળોએ આતંકવાદી શિબિરો અને તાલીમ સ્થળોને ઓળખી નવ મુખ્ય આતંકવાદી શિબિરોનો નાશ કર્યો હતો. અંતે પાકિસ્તાનને યુદ્ધવિરામની ફરજ પડી હતી. ઓપરેશન સિંદૂર અભિયાન દરમિયાન ભારતીય સેના, વાયુસેના અને નૌકાદળએ અદ્ભુત સંકલિત કાર્યવાહી દર્શાવી હતી.*

*રિદ્ધિ ઊંધાડ પ્રાદેશિક સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ)*

# RAJNATH-CONFERENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને સંરક્ષણ દળોના વડા – CDS જનરલ અનિલ ચૌહાણ આજે જયપુરમાં સંયુક્ત કમાન્ડરોના પરિષદના બીજા સંસ્કરણમાં ઉપસ્થિત રહેશે. 'નવા ક્ષેત્રોમાં સૈન્ય ક્ષમતા' વિષયવસ્તુ પર આયોજિત આ બે દિવસીય પરિષદ મહત્વપૂર્ણ છે જે ઓપરેશન સિંદૂરના એક વર્ષ પૂર્ણ થવા સાથે સુસંગત છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ પરિષદ સાયબર, અવકાશ અને જ્ઞાનાત્મક યુદ્ધના ઉભરતા ક્ષેત્રોમાં પડકારોનું મૂલ્યાંકન કરવા અને નિર્ણાયકતા સાથે સ્થિતિસ્થાપક અને ભવિષ્ય માટે તૈયાર દળોની ક્ષમતા વિકાસ માટે રૂપરેખા તૈયાર કરવા એક મહત્વપૂર્ણ મંચ પ્રદાન કરશે.

આ પરિષદમાં ઘરઆંગણે વિકસિત એપ્લિકેશનોનું પ્રદર્શન અને ભવિષ્યના યુદ્ધ ખ્યાલો અને કાર્યકારી વ્યૂહરચનાઓને લગતા નવા સિદ્ધાંતોને પણ દર્શાવવામાં આવશે.

# WB-KILLED

પશ્ચિમ બંગાળમાં ઉત્તર 24 પરગણાના મધ્યમગ્રામમાં ભાજપના નેતા સુવેન્દુ અધિકારીના નજીકના સહયોગી ચંદ્રનાથ રથની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. ગઈકાલે રાત્રે દોહરિયા વિસ્તારમાં બાઇક પર આવેલા હુમલાખોરોએ તેમની કાર પર ગોળીબાર કર્યો હતો. તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ હુમલામાં તેમના ડ્રાઇવર પણ ઇજાગ્રસ્ત થયા હતા અને તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ચાર મોટરસાઇકલ પર સવાર આશરે આઠ હુમલાખોરોએ પૂર્વઆયોજિત રીતે હુમલો કર્યો હતો.

પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે. ડીજીપી સિદ્ધિનાથ ગુપ્તાએ માહિતી આપી કે પોલીસે ઘટનામાં વપરાયેલ વાહન જપ્ત કરી લીધું છે. વિવિધ રાજકીય પક્ષોએ ઘટનાની નિંદા કરી છે.

# JAISHANKAR-SURINAME

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે પરામારિબોમાં સુરીનામના વિદેશ મંત્રી મેલ્વિન બાઉઆ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બંને દેશોના પ્રતિનિધિમંડળોએ 9મી સંયુક્ત બેઠક હેઠળ ભારત-સુરીનામ સંબંધોની વ્યાપક સમીક્ષા કરી હતી. જેમાં વેપાર, રોકાણ, સંરક્ષણ, ઊર્જા, આરોગ્ય, ક્ષમતા નિર્માણ અને લોકો-થી-લોકો વચ્ચેના સંપર્કો સહિતના મુદ્દા સામેલ છે.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, ડૉ. જયશંકરે કહ્યું, ભારત અને સુરીનામના સંબંધો મજબૂત લોકસંપર્ક પર આધારિત છે. તેમણે કહ્યું, ભારત સુરીનામની વિકાસ યાત્રાને ટેકો આપવા માટે નવી ઋણ સહાય દરખાસ્તો પર વિચાર કરવા તૈયાર છે.

## US-IRANIAN OIL TANKER

અમેરિકાની સેનાએ ઓમાનના અખાતમાં ઈરાની ધ્વજવાળા એક તેલ ટેન્કરને અટકાવ્યું હોવાનો દાવો કર્યો છે. આ ટેન્કરે કથિત રીતે અમેરિકા દ્વારા લાગુ કરાયેલ દરિયાઈ નાકાબંધીનો ભંગ કરીને ઈરાની બંદર તરફ જવાનો પ્રયાસ કર્યો હતો. એરક્રાફ્ટ કેરિયર USS અબ્રાહમ લિંકનથી સંચાલિત નેવી એફ એ-18 ફાઇટર જેટે જહાજ પર ગોળીબાર કરી તેને નિષ્ક્રિય કર્યું હતું.

આ ઘટના અંગે ઈરાન તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

## IPL

IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે ગઈકાલે રાત્રે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સને 33 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, સનરાઇઝર્સ હૈદરાબાદે નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને 235 રન બનાવ્યા. 236 રનના લક્ષ્યનો પીછો કરતા, પંજાબ કિંગ્સ નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 202 રન જ બનાવી શક્યું. પંજાબની ટીમના કૂપર કોનોલી

59 બોલમાં 107 રન બનાવી અણનમ રહ્યા. સનરાઇઝર્સ હૈદરાબાદ માટે પેટ કમિન્સ અને શિવંગ કુમારે 2-2 વિકેટ ઝડપી હતી.

આજે લખનૌ સુપર જાયન્ટ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે થશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોએ અમેરીકા-ઈરાન વચ્ચે યુદ્ધનો અંત આવે તે સમાચારોને હેડલાઈનમાં લીધા છે.
- સંદેશ લખે છે અમરિકા- ઈરાનના યુદ્ધનો અંત હવે હાથવેંતમાં.
- નવગુજરાત સમયની હેડલાઈન છે ઈરાન શરતો ન સ્વીકારે તો બોમ્બ વરસાવીશું– ટ્રમ્પ અને બંગાળમાં 9મેએ ભાજપ સરકારનો ભવ્ય શપથગ્રહણ સમારંભ...
- દિવ્ય ભાસ્કર પ્રથમ પાને લખે છે યુદ્ધનો અંત આવે તેવી આશા-14 મુદ્દાની સમજૂતીની નજીક અમેરિકા અને ઈરાન...સુરતમાં 10થી12 હજારમાં ગર્ભપાત કરી આપતા નકલી ડોક્ટરના રેકેટનો પર્દાફાશ, હોસ્પિટલ સીલ.....
- બંગાળમા અરાજકતા - ઠેર ઠેર હિંસા, આગજની - પાંચના મોત આ હેડલાઈન છે ગુજરાત સમાચારની..